# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩, જિલ્લા સેવાસદન-૨, અઠવાલાઈન્સ, સુરત
Phone No: (0261)2662902, Fax No: 2662902, Emailsuratdeo@gmail.com

જા.નં.:મા-૨/૨૦૨૪/ ૯૨૨૨૭ તા. ૯/૦૮/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત-જિ.સુરત

**વિષય** :૧૫ મી ઓગષ્ટ " ૨૦૨૪ સ્વાતંત્ર દિન નિર્મિતે-હર ઘર તિરંગા અભિયાન તથા અન્ય " કાર્યક્રમોની ઉજવણી કરવા બાબત.
**સંદર્ભ:** પ્રા.શિ.નિયામકની કચેરી ગાંધીનગરના પત્ર:પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૪/૨૨૦૯૮-૨૨૧૮૪ તા.૦૮.૦૮.૨૦૨૪

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ૧૫ મી ઓગષ્ટ ૨૦૨૪ સ્વાતંત્ર દિનની ઉજવણીનાં ભાગરૂપે કાર્યક્રમ અન્વયે "હર ઘર તિરંગા"અત્રેની કચેરીના નિયંત્રણ હેઠળની તમામ શાળાઓએ ધ્વજ ફરકાવતી વખતે લેવાની કાળજી અંગે આપેલ માર્ગદર્શનનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

બિડાણ :સદર્ભપત્રની નકલ

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.સુરત

ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૪/ ૨૨૦૯૮-૨૨૧૫૪
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ૦૮/૦૮/૨૦૨૪

પ્રતિ

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ- "હર ઘર તિરંગા" કાર્યક્રમના આયોજન અને અમલીકરણ બાબત.
સંદર્ભઃ- શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ, શિક્ષણ મંત્રાલય, ભારત સરકારનો પત્ર ક્રમાંકઃ- 17-30/2024-Coord તા. ૦૬/૦૮/૨૦૨૪

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, "હર ઘર તિરંગા" કાર્યક્રમ આઝાદી કા અમૃત મહોત્સવના નેજા હેઠળ શરૂ કરવામાં આવેલ હતો. જેથી લોકોને તિરંગાને ઘરે લાવી અને ભારતની આઝાદીની નિશાની તરીકે તેને ફરકાવવા પ્રોત્સાહિત કરવામાં આવે. વર્ષ ૨૦૨૨ માં, આ ઝુંબેશમાં ૨૩ કરોડ પરિવારોએ 'હર ઘર તિરંગા' અભિયાનમાં ભાગ લીધો હતો, જેમાં ૬ કરોડથી વધુ લોકોએ સેલ્ફી અપલોડ કરી હતી. ઓગષ્ટ ૨૦૨૩ માં, ૧૦ કરોડથી વધુ લોકોએ 'હર ઘર તિરંગા' વેબસાઇટ પર તેમની સેલ્ફી અપલોડ કરી હતી.

આ વર્ષે તા. ૧૩ થી ૧૫ ઓગષ્ટ ૨૦૨૪ સુધી 'હર ઘર તિરંગા' નું આયોજન કરવામાં આવશે. રાજ્યની તમામ શાળાઓના વિદ્યાર્થીઓને તેમના ઘરોમાં ભારતીય રાષ્ટ્રધ્વજ ફરકાવવા તથા www.harghartiranga.com વેબસાઇટ પર તિરંગા સાથેની તેમની સેલ્ફી અપલોડ માટે પ્રોત્સાહિત કરવાના રહેશે. ઝુંબેશ દરમિયાન સ્વતંત્રતા દિવસે રાજયની તમામ શાળાઓમાં ધ્વજવંદન સમારોહ થાય તેની ખાતરી કરવાની રહેશે. અને આ પ્રસંગે શાળાઓમાં રાષ્ટ્રધ્વજ પ્રદર્શિત કરતી વખતે, આ સાથે સામેલ કેનદ્ર સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ધ્વજ ફરકાવતી વખતે લેવાની કાળજી અંગે આપેલ માર્ગદર્શનનું પાલન કરવાનું રહેશે. આ ઝુંબેશ હેઠળ હાથ ધરવામાં આવેલી પ્રવૃત્તિઓ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર અપલોડ કરવાની રહેશે. હિતધારકોની સક્રિય ભાગીદારી સાથે, 'હર ઘર તિરંગા' અભિયાન આપણા દેશના દરેક ખૂણે પહોંચશે, એકતા અને દેશભક્તિની ઊંડી ભાવનાને પ્રોત્સાહન આપશે અને જિલ્લા કક્ષાએથી રિપોર્ટીંગ શિક્ષણ મંત્રાલયના ઇ-મેઇલ આઇડી (ee1.section-edu@gov.in) અને અત્રેની કચેરીના ઇ-મેઇલ આઇડી (sankalan.dpe.guj@gmail.com) પર વિગતો મોકલવાની રેહશે. ઉકત બાબતે આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓને આ અંગે જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણઃ- ઉપર મુજબ

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર

# ભારતીય રાષ્ટ્રધ્વજ વિશે વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs)

**પ્રશ્ન 1. શું રાષ્ટ્રધ્વજનો ઉપયોગ, પ્રદર્શન અને ફરકાવવું એ માટે કોઈ સૂચનાઓના સમૂહ દવારા માર્ગદર્શન આપવામાં આવેલ છે?**

હા. "ધ ફ્લેગ કોડ ઓફ ઈન્ડિયા ૨૦૦૨" અને ધ "પ્રિવેન્શન ઓફ ઈન્સલ્ટ ટુ નેશનલ ઓનર એક્ટ, ૧૯૭૧" અંતર્ગતના પ્રાવધાનો થકી માર્ગદર્શન આપવામાં આવેલ છે.

**Q2. ફ્લેગ કોડ ઓફ ઇન્ડિયા શું છે?**

ધ "ફ્લેગ કોડ ઓફ ઇન્ડિયા , ૨૦૦૨" રાષ્ટ્રધ્વજના પ્રદર્શન માટેના તમામ કાયદાઓ, સંમેલનો, પ્રક્રિયાઓ અને સૂચનાઓને એકસાથે સમાવિષ્ટ કરવામાં આવેલ છે. તે ખાનગી, જાહેર અને સરકારી સંસ્થાઓ દવારા રાષ્ટ્રધ્વજના પ્રદર્શનનું સંચાલન કરે છે. ધ "ફ્લેગ કોડ ઓફ ઇન્ડિયા" ૨૬ જાન્યુઆરી ૨૦૦૨ના રોજ અમલમાં આવેલ છે.

**Q3. રાષ્ટ્રધ્વજ બનાવવા માટે કઈ સામગ્રીનો ઉપયોગ કરી શકાય?**

ધ "ફ્લેગ કોડ ઓફ ઇન્ડિયા, ૨૦૦૨" માં 30મી ડિસેમ્બર, ૨૦૨૧ના સુધારા આદેશ મુજબ પોલિએસ્ટર અને અથવા મશીનથી બનેલા રાષ્ટ્રધ્વજને મંજૂરી આપવામાં આવી છે. તદુપરાંત, રાષ્ટ્રધ્વજ હાથથી કાંતેલા અને હાથથી વણાયેલા તેમજ મશીનથી બનેલા કપાસ /પોલિએસ્ટર/ઊન/સિલ્ક/ખાદીની સામગ્રીનો ઉપયોગ કરી શકાશે.

**Q4. રાષ્ટ્રધ્વજનું યોગ્ય માપ અને ગુણોત્તર શું છે?**

ધ "ફ્લેગ કોડ ઓફ ઇન્ડિયા, ૨૦૦૨"ના ફકરા 1.3 અને 1.4 મુજબ, રાષ્ટ્રીય ધ્વજ લંબચોરસ આકારનો હોવો જોઈએ. ધ્વજ કોઈપણ માપનો હોઈ શકે છે, પરંતુ રાષ્ટ્રીય ધ્વજની લંબાઈ અને ઊંચાઈ (પહોળાઈ)નો ગુણોત્તર ૩:૨ હોવો જોઈએ .

**પ્રશ્ન 5. શું હું મારા ઘરે રાષ્ટ્રધ્વજ પ્રદર્શિત કરી શકું?**

ધ "ફ્લેગ કોડ ઓફ ઇન્ડિયા, ૨૦૦૨"ના ફકરા ૨.૨ મુજબ, જાહેર જનતા, ખાનગી સંસ્થા અથવા શૈક્ષણિક સંસ્થા રાષ્ટ્રધ્વજની ગરિમા અને સન્માનને અનુરૂપ તમામ દિવસો અથવા પ્રસંગોપાત રાષ્ટ્રધ્વજ ફરકાવી/પ્રદર્શિત કરી શકે છે.

**પ્રશ્ન 6. રાષ્ટ્રધ્વજને ખુલ્લી જગ્યા/ ઘર પર લહેરાવવાનો સમય શું છે ?**

ધ "ફ્લેગ કોડ ઓફ ઇન્ડિયા, ૨૦૦૨"માં ૨૦મી જુલાઇ, ૨૦૨૨માં સુધારા આદેશ કરવામાં આવ્યો હતો અને ધ "ફ્લેગ કોડ ઓફ ઇન્ડિયા, ૨૦૦૨"ના ભાગ-II ના ફકરા ૨.૨ ની કલમ (xi) ને નીચેની કલમથી બદલવામાં આવી હતી:

(xi) "જ્યાં ધ્વજ ખુલ્લામાં પ્રદર્શિત થાય છે અથવા જાહેર જનતાના કોઈપણ સભ્યના ઘર પર પ્રદર્શિત કરવામાં આવે છે ત્યારે તે દિવસ અને રાત્રે લહેરાવી શકાય છે;"

**પ્રશ્ન 7. મારા ઘર પર રાષ્ટ્રધ્વજ પ્રદર્શિત કરતી વખતે મારે શું ધ્યાનમાં રાખવું જોઈએ ?**

ઘર પર જ્યારે પણ રાષ્ટ્રધ્વજ પ્રદર્શિત કરવામાં આવે છે, ત્યારે તે સન્માનનીય સ્થિતિ ધરાવે તે રીતે અને સ્પષ્ટ રીતે પ્રદર્શિત થવો જોઈએ. ક્ષતિગ્રસ્ત અથવા વિખરાયેલ રાષ્ટ્રધ્વજ પ્રદર્શિત થવો જોઈએ નહીં.

**પ્રશ્ન 8. રાષ્ટ્રધ્વજના ખોટી રીતના પ્રદર્શનને ટાળવા માટે મારે શું ધ્યાનમાં રાખવું જોઈએ?**

- રાષ્ટ્રધ્વજને ઊંધી રીતે પ્રદર્શિત કરવો ના જોઈએ; જેમ કે, કેસરી પટ્ટીને નીચેની પટ્ટી તરીકે પ્રદર્શિત ન કરવી જોઈએ.
- ક્ષતિગ્રસ્ત અથવા વિખરાયેલો રાષ્ટ્રધ્વજ પ્રદર્શિત ન કરવો જોઈએ.
- રાષ્ટ્રધ્વજને કોઈ પણ વ્યક્તિ અથવા વસ્તુની સલામી માટે નીચો કરવામાં આવશે નહીં.
- રાષ્ટ્રધ્વજનો ઉપયોગ તોરણ, ઘરેણા તરીકે, વાવટા અથવા અન્ય કોઈપણ રીતે શણગાર માટે કરવામાં આવશે નહીં.
- રાષ્ટ્રધ્વજને જમીન કે ભોંયતળિયાને અથવા પાણીને સ્પર્શ ન થાય તેનું ધ્યાન રાખવાનું રહેશે.
- રાષ્ટ્રધ્વજને પ્રદર્શિત કરતી વખતે નુકસાન થાય તેવી કોઈપણ રીતે બાંધી શકાય નહીં.
- રાષ્ટ્રધ્વજ એક જ ધ્વજદંડ (કાઠી) પરથી એકસાથે અન્ય કોઈપણ ધ્વજ કે એકથી વધુ ધ્વજ સાથે લહેરાવવો જોઈએ નહીં.
- રાષ્ટ્રીય ધ્વજનો ઉપયોગ વક્તાનાં ડેસ્કને ઢાંકવા માટે કે તેને સ્પીકરના પ્લેટફોર્મ પર લપેટવામાં માટે કરવામાં આવશે નહીં.
- રાષ્ટ્રધ્વજનો ઉપયોગ કોસ્ચ્યુમ અથવા યુનિફોર્મના ભાગ તરીકે અથવા કોઈપણ એસેસરીઝ તરીકે કરવામાં આવશે નહીં કે જે કોઈપણ વ્યક્તિની કમ્મરના ભાગ નીચે પહેરવામાં આવે છે. તદુપરાંત, તે ગાદી, રૂમાલ, નેપકિન્સ, અંડરગારમેન્ટસ અથવા કોઈપણ ડ્રેસ સામગ્રી પર એમ્બ્રોઇડરી અથવા છાપવામાં માટે ઉપયોગ કરી શકાશે નહીં.

**પ્રશ્ન 9. શું ભારતીય રાષ્ટ્રધ્વજના અપમાનને રોકવા માટે કોઈ નિયમો છે?**

હા. "પ્રિવેન્શન ઓફ ઇન્સલ્ટસ ટુ નેશનલ ઓનર એક્ટ, ૧૯૭૧" ની સમજૂતી-૪ ની કલમ-૨ અનુસાર, નીચેની બાબતોનું ધ્યાન રાખવું જોઈશે:

- રાષ્ટ્રધ્વજનો ઉપયોગ કોસ્ચ્યુમ અથવા યુનિફોર્મના ભાગ તરીકે અથવા કોઈપણ એસેસરીઝ તરીકે કરવામાં આવશે નહીં. તદુપરાંત, કોઈપણ વ્યક્તિની કમ્મરના ભાગ નીચે પહેરવા માટે, ગાદી, રૂમાલ, નેપકિન્સ, અંડરગારમેન્ટસ અથવા કોઈપણ ડ્રેસ સામગ્રી પર એમ્બ્રોઇડરી અથવા છાપવામાં માટે ઉપયોગ કરી શકાશે નહીં.
- રાષ્ટ્રધ્વજ પર કોઈ અક્ષરકામ કરી શકાશે નહિ.
- રાષ્ટ્રધ્વજનો ઉપયોગ વસ્તુને લપેટીને મોકલવા અથવા મેળવવા માટે કરવામાં આવશે નહીં.
- રાષ્ટ્રીય ધ્વજનો ઉપયોગ કોઈપણ વાહનની બાજુઓ, પાછળ અને ટોચ ભાગને આવરી લેવા માટે કરવામાં આવશે નહીં.

**પ્રશ્ન 10. ખુલ્લામાં /સાર્વજનિક ઈમારતો પર રાષ્ટ્રધ્વજ પ્રદર્શિત કરવાની સાચી રીત કઈ છે?**

ધ "ફ્લેગ કોડ ઓફ ઇન્ડિયા, ૨૦૦૨"ના ભાગ-III ની કલમ-III મુજબ, જો રાષ્ટ્રધ્વજ જાહેર ઇમારત લહેરાતો હોય, તો તે સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીના બધા દિવસો, હવામાનની સ્થિતિને ધ્યાનમાં લીધા વિ લહેરાવવો જોઈએ. તેને ધીમે ધીમે નીચે ઉતારવો જોઈએ.

- જ્યારે રાષ્ટ્રધ્વજ દિવાલ પર સપાટ અને આડી રીતે પ્રદર્શિત થાય છે, ત્યારે કેસરી પટ્ટી સૌથી ઉપર હોવી જોઈએ અને જ્યારે ઊભી રીતે પ્રદર્શિત કરવામાં આવે છે, ત્યારે કેસરી પટ્ટી રાષ્ટ્રીય ધ્વજના સંદર્ભમાં જમણી બાજુ હોવી જોઈએ, એટલે કે, તે વ્યક્તિની ડાબી બાજુ હોવી જોઈએ.
- જ્યારે કોઈ સ્ટાફ રાષ્ટ્રધ્વજને આડા અથવા કોઈ બિલ્ડીંગની બારી, બાલ્કની અથવા બિલ્ડિંગની આગળના ભાગ પરથી પ્રદર્શિત કરતા હોય, ત્યારે રાષ્ટ્રધ્વજની કેસરી પટ્ટી સ્ટાફથી દુરના છેડે હોવી જોઈએ.

**પ્રશ્ન 11. શું રાષ્ટ્રધ્વજ અડધી ધ્વજદંડ(કાઠી) લહેરાવવો જોઈએ?**

ભારત સરકાર દવારા સુચના આપવામાં આવેલ પ્રસંગો સિવાય રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ લહેરાવી શકાશે નહીં. જ્યારે અડધી કાઠીએ લહેરાવવામાં આવે છે, ત્યારે રાષ્ટ્રધ્વજને પહેલા કાઠીના શિખર/ટોચ પર ફરકાવવો જોઇશે અને પછી અડધી કાઠીની સ્થિતિ પર ઉતારવો જોઇશે. જે તે દિવસે માટે રાષ્ટ્રધ્વજને નીચે ઉતાર્યા બાદ તેને ફરીથી તેની ટોચ પર લહેરાવવો જોઈશે.


**પ્રશ્ન 12. શું હું મારી કાર પર રાષ્ટ્રધ્વજ પ્રદર્શિત કરી શકું?**

ધ "ફ્લેગ કોડ ઓફ ઇન્ડિયા, ૨૦૦૨"ના ફકરા ૩.૪૪ મુજબ મોટરકાર પર રાષ્ટ્રધ્વજ લહેરાવવાનો વિશેષાધિકાર ફક્ત નીચેની વ્યક્તિઓ માટે મર્યાદિત છે:

- રાષ્ટ્રપતિ
- ઉપ-રાષ્ટ્રપતિ
- રાજ્યપાલો અને લેફ્ટ. રાજ્યપાલો
- ભારતીય મિશન/પોસ્ટના વડાઓ
- વડાપ્રધાન
- કેન્દ્રીય મંત્રીઓ, રાજ્ય મંત્રી અને નાયબ મંત્રીઓ
- મુખ્યમંત્રી, કેબિનેટ મંત્રી, રાજ્ય મંત્રી અથવા નાયબમંત્રી અથવા કેન્દ્રશાસિત પ્રદેશના મંત્રી
- લોકસભાના સ્પીકર, રાજ્યસભાના ઉપાધ્યક્ષ, લોકસભાના ઉપાધ્યક્ષ, રાજ્યોની વિધાનપરિષદના અધ્યક્ષ, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની વિધાનસભાના ઉપાધ્યક્ષ, રાજ્યોની વિધાનપરિષદના ઉપાધ્યક્ષ, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની વિધાનસભાના ઉપાધ્યક્ષ,
- ભારતના મુખ્ય ન્યાયાધીશ
- સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો
- હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ
- હાઈકોર્ટના ન્યાયાધીશો

**પ્રશ્ન 13. આપણે અન્ય રાષ્ટ્રોના ધ્વજ સાથે ભારતીય રાષ્ટ્રધ્વજ કેવી રીતે પ્રદર્શિત કરી શકીએ?**

- ધ "ફ્લેગ કોડ ઓફ ઇન્ડિયા, ૨૦૦૨"ના ૩.૩૨ મુજબ, જ્યારે રાષ્ટ્રીય ધ્વજ અન્ય દેશોના ધ્વજ સાથે સીધી રેખામાં પ્રદર્શિત થાય છે, ત્યારે રાષ્ટ્રધ્વજ અત્યંત જમણી બાજુએ હોવો જોઈએ. અન્ય રાષ્ટ્રોના ધ્વજ જે તે રાષ્ટ્રોના નામોના અંગ્રેજી સંસ્કરણો અનુસાર મૂળાક્ષરોના ક્રમમાં અનુસરશે.
- જો ધ્વજને બંધ વર્તુળમાં લહેરાવવામાં આવે છે, તો રાષ્ટ્રનો ધ્વજ પહેલા લહેરાવામાં આવે છે અને તેના પછી અન્ય રાષ્ટ્રના ધ્વજ ઘડિયાળની ફરવાની દિશામાં લહેરાવામાં આવશે.
- જ્યારે ધ્વજ દીવાલની સામે બીજા ધ્વજ સાથે ક્રોસ કરેલા સ્ટાફથી પ્રદર્શિત કરવામાં આવે છે, ત્યારે રાષ્ટ્રીય ધ્વજ જમણી બાજુએ હશે અને તેનો સ્ટાફ અન્ય ધ્વજની સામે હશે.
- જ્યારે રાષ્ટ્રીય ધ્વજ અન્ય રાષ્ટ્રોના ધ્વજ સાથે પ્રદર્શિત કરવામાં આવે છે, ત્યારે ધ્વજની કાઠી સમાન કદની હોવી જોઈએ.




**પ્રશ્ન 14. રાષ્ટ્રધ્વજનો નિકાલ કેવી રીતે કરવો જોઈએ?**

- ધ "ફ્લેગ કોડ ઓફ ઇન્ડિયા, ૨૦૦૨"ના ફકરા ૨.૨ મુજબ, જો રાષ્ટ્રધ્વજને નુકસાન થાય, તો તેનો સંપૂર્ણ રીતે ખાનગીમાં નાશ કરવામાં આવશે, ખાસ કરીને રાષ્ટ્રધ્વજની ગરિમાને ધ્યાનમાં રાખીને સળગાવીને અથવા અન્ય કોઈપણ પદ્ધતિ દવારા કરી શકાય.
- કાગળમાંથી બનેલો રાષ્ટ્રધ્વજ સામાન્ય જનતા દવારા લહેરાવવામાં આવે છે, પરંતુ આ ધ્વજને જમીન પર છોડવા જોઈએ નહીં. રાષ્ટ્રધ્વજની ગરિમાને ધ્યાનમાં રાખીને ખાનગીમાં નાશ કરવો જોઈએ.

**સ્રોત:**

https://www.mha.gov.in/sites/default/files/flagcodeofindia 070214.pdf

https://www.mha.gov.in/sites/default/files/Prevention Insults National Honor Act1971 1.pdf

GOV... MINIST... DEPARTMENT OF SCHO... SHASTP... NEW

## ધ "ફ્લેગ કોડ ઓફ ઈન્ડિયા ૨૦૦૨"ની મુખ્ય વિશેષતાઓ

1. ભારતીય રાષ્ટ્રધ્વજ ભારતના લોકોની આશાઓ અને આકાંક્ષાઓનું પ્રતિનિધિત્વ કરે છે. તે આપણા રાષ્ટ્રીય ગૌરવનું પ્રતીક છે અને રાષ્ટ્રધ્વજ પ્રત્યે સાર્વત્રિક સ્નેહ, આદર અને વફાદારી છે. તે ભારતના લોકોની ભાવનાઓ અને માનસમાં એક અનન્ય અને વિશિષ્ટ સ્થાન ધરાવે છે,

2. ભારતીય રાષ્ટ્રધ્વજને ફરકાવવો/ઉપયોગ/પ્રદર્શન "પ્રિવેન્શન ઓફ ઇન્સલ્ટસ ટુ નેશનલ ઓનર એક્ટ, ૧૯૭૧" અને ધ "ફ્લેગ કોડ ઓફ ઈન્ડિયા ૨૦૦૨" દવારા સંચાલિત થાય છે. ધ "ફ્લેગ કોડ ઓફ ઈન્ડિયા ૨૦૦૨" ની કેટલીક મુખ્ય લાક્ષણિકતાઓ નીચે સૂચિબદ્ધ છે, જે જનતાની માહિતી માટે:

a) ધ "ફ્લેગ કોડ ઓફ ઈન્ડિયા ૨૦૦૨" માં ૩૦ ડિસેમ્બર, ૨૦૨૧ના આદેશ દવારા સુધારો કરવામાં આવ્યો હતો અને પોલિએસ્ટર અથવા મશીનથી બનેલ રાષ્ટ્રીય ધ્વજને મંજૂરી આપવામાં આવેલ હતી. હવે રાષ્ટ્રધ્વજ હાથથી કાંતેલા અને હાથથી વણાયેલા તેમજ મશીનથી બનેલા કપાસ /પોલિએસ્ટર/ઊન/સિલ્ક/ખાદીના બંટીંગને મંજૂરી આપવામાં આવેલ છે.

b) સાર્વજનિક, ખાનગી સંસ્થા અથવા શૈક્ષણિક સંસ્થાનો સભ્ય રાષ્ટ્રધ્વજને તમામ દિવસો ફરકાવી/પ્રદર્શિત કરી શકે છે અથવા પ્રસંગોપાત, ઔપચારિક અથવા અન્યથા, રાષ્ટ્રીય ધ્વજની ગરિમા અને સન્માન સાથે સુસંગત હોય તે રીતે.

c) ધ "ફ્લેગ કોડ ઓફ ઇન્ડિયા, ૨૦૦૨"માં ૨૦ જુલાઇ, ૨૦૨૨માં સુધારા આદેશ કરવામાં આવ્યો હતો અને ધ "ફ્લેગ કોડ ઓફ ઇન્ડિયા, ૨૦૦૨"ના ભાગ-II ના ફકરા ૨.૨ ની કલમ (xi)ને નીચેની કલમ દવારા બદલવામાં આવી હતી:

   i. (xi) "જ્યાં ધ્વજ ખુલ્લામાં પ્રદર્શિત થાય છે અથવા જાહેર સભ્યના ઘર પર પ્રદર્શિત કરવામાં આવે છે, તે દિવસ અને રાત્રે લહેરાવી શકાય છે;"

d) રાષ્ટ્રધ્વજ લંબચોરસ આકારનો હોવો જોઈએ. ધ્વજ કોઈપણ માપનો હોઈ શકે છે પરંતુ ધ્વજની લંબાઇ અને ઊંચાઈ (પહોળાઈ)નો ગુણોત્તર ૩:૨ હોવો જોઈએ.

e) જ્યારે પણ રાષ્ટ્રધ્વજ પ્રદર્શિત કરવામાં આવે છે, ત્યારે તે સન્માનપૂર્વક અને યોગ્ય જગ્યાએ મૂકવો જોઈએ.

f) ક્ષતિગ્રસ્ત અથવા વિખરાયેલ ધ્વજ પ્રદર્શિત કરવામાં આવશે નહીં.

g) ધ્વજ એક જ માસ્ટહેડ (કાઠી) પરથી અન્ય કોઈ ધ્વજ અથવા એક થી વધારે ધ્વજ સાથે લહેરાવવો જોઈએ નહીં.

h) ફ્લેગ કોડના ભાગ III ના સેક્શન IX માં ઉલ્લેખિત મહાનુભાવો સિવાય કોઈપણના વાહન પર ધ્વજ લહેરાવવો જોઈએ નહીં, જેમ કે રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડા પ્રધાન, રાજ્યપાલ વગેરે.

i) અન્ય કોઈ પણ ધ્વજ અથવા બંટીંગ રાષ્ટ્રધ્વજ કરતાં ઊંચો અથવા ઉપર અથવા બાજુમાં મૂકવો જોઈએ નહીં.

**નોંધ:- વધુ વિગતો માટે, "પ્રિવેન્શન ઓફ ઇન્સલ્ટસ ટુ નેશનલ ઓનર એક્ટ, ૧૯૭૧" અને "ધ ફ્લેગ કોડ ઓફ ઈન્ડિયા ૨૦૦૨" ગૃહ મંત્રાલયની વેબસાઈટ www.mha.gov.in પર ઉપલબ્ધ છે.**

GOVERNMENT OF INDIA
MINISTRY OF EDUCATION
DEPARTMENT OF SCHOOL EDUCATION & LITERACY
SHASTRI BHAVAN
NEW DELHI-110 115

भारत सरकार
शिक्षा मंत्रालय
स्कूल शिक्षा और साक्षरता विभाग
शास्त्री भवन
नई दिल्ली – 110 115

Dr. Amarpreet Duggal
Joint Secretary
Tele: 011-23387781
Email: isad-moe@gov.in

सत्यमेव जयते

आज़ादी का अमृत महोत्सव

D.O. No. 17-30/2024-Coord

Dated 6th August, 2024

Respected Ma'am/Sir,

As you may be aware, 'Har Ghar Tiranga' campaign was started under the aegis of Azadi Ka Amrit Mahotsav to encourage people to bring the Tiranga home and to hoist it to mark India's independence. In the year 2022, this campaign witnessed 23 Crore households participating in the 'Har Ghar Tiranga' campaign, with more than 6 crore people uploading selfies. In August 2023, over 10 crore people uploaded their selfies on the Har Ghar Tiranga website.

2. This year, Har Ghar Tiranga will be organized from 13th- 15th August 2024. You are requested to encourage students in all schools of your State to hoist the Indian National Flag in their homes and upload their selfies with Tiranga on the website www.harghartiranga.com during the campaign. The District Education Officers may also be directed to ensure a flag-hoisting ceremony in all Govt. and Govt. aided schools of your State on the occasion of India's Independence Day. While displaying the National Flag, the Flag Code of India 2002(copy enclosed) may be adhered to.

3. The activities undertaken under this campaign may be uploaded on various social media platforms and a report on the follow-up action taken in the matter be furnished to ee1.section-edu@ gov.in .

4. I am confident that with the active participation of all stakeholders, the 'Har Ghar Tiranga' campaign will reach every corner of our nation, fostering a deep sense of unity and patriotism.

Kind regards,

Yours sincerely,

APDuggal
6/8/24

(Dr. Amarpreet Duggal)

[Encl: As above]

Additional Chief Secretary/Principal Secretary/ Secretary, School Education: All States and UTs

# Frequently Asked Questions (FAQs) about the Indian National Fl

**Q1. Is the use, display and hoisting of the National Flag guided by any overarching set of instructions?**

Yes – the 'Flag Code of India 2002' and the Prevention of Insults to National Honour Act, 1971.

**Q2. What is the Flag Code of India?**

The Flag Code of India brings together all laws, conventions, practices, and instructions for the display of the National Flag. It governs the display of the National Flag by Private, Public, and Government Institutions. The Flag Code of India took effect on 26th January 2002.

**Q3. Which material can be used to produce the National Flag?**

The Flag Code of India, 2002 was amended vide Order dated 30th December, 2021 and National Flag made of polyester or machine made Flag have been allowed. Now, the National Flag shall be made of handspun and handwoven or machine-made, cotton/polyester/wool/silk/khadi bunting.

**Q4. What is the appropriate size and ratio of the National Flag?**

As per paragraph 1.3 & 1.4 of the Flag Code of India, the National Flag shall be rectangular in shape. The Flag can be of any size but the ratio of the length to the height (width) of the National Flag shall be 3:2.

**Q5. Can I display the National Flag at my home?**

As per paragraph 2.2 of the Flag Code of India, a member of the public, a private organization, or an educational institution may hoist/display the National Flag on all days or occasions in accordance with the dignity and honour of the National Flag.

**What is the timing for flying the National Flag in the open/at the home?**

The Flag Code of India, 2002 was amended vide Order dated 20th July, 2022 and clause (xi) of paragraph 2.2 of Part-II of the Flag Code of India was replaced by the following clause:-

> (xi) **"where the Flag is displayed in open or displayed on the house of a member of public, it may be flown day and night;"**

**Q7. What should I keep in mind while displaying the National Flag at my home?**

Whenever the National Flag is on display, it should occupy the position of honour and should be distinctly placed. A damaged or dishevelled National Flag should not be displayed.

**Q8. What should I keep in mind to avoid incorrect display of the National Flag?**

- The National Flag shall not be displayed in an inverted manner; i.e.; the saffron band should not be the bottom band.
- A damaged or dishevelled National Flag shall not be displayed.
- The National Flag shall not be dipped in salute to any person or thing.
- The National Flag shall not be used as a festoon, rosette, bunting, or in any other manner for decoration.
- The National Flag shall not be allowed to touch the ground or the floor or trail in the water.
- The National Flag shall not be displayed or fastened in any manner as may damage it.

- The National Flag should not be flown from a single masthead (top part of a flagpole) simultaneously with any other flag or flags.
- The National Flag shall not be used to cover a speaker's desk, nor shall it be draped over a speaker's platform.
- The National Flag shall not be used as a portion of costume or uniform or accessory of any description which is worn below the waist of any person nor shall it be embroidered or printed on cushions, handkerchiefs, napkins, undergarments or any dress material.

**Q9. Are there any rules for prevention of insult to the Indian National Flag?**

Yes. In accordance with explanation 4 to section 2 of "the Prevention of Insults to National Honour Act, 1971', the following should be observed:

- The National Flag shall not be used as a portion of costume or uniform or accessory of any description which is worn below the waist of any person nor shall it be embroidered or printed on cushions, handkerchiefs, napkins, undergarments or any dress material.
- There shall be no lettering upon the National Flag.
- The National Flag shall not be used to wrap, receive, or deliver things.
- The National Flag shall not be used to cover the sides, back, and top of any vehicle.

**Q10. What is the correct way to display the National Flag in the open/on public buildings?**

As per Section III of Part III of the Flag Code of India, if the National Flag is flown on public buildings, it should be flown on

all days from sunrise to sunset, irrespective of the weather conditions. It should be hoisted briskly and lowered slowly.

- When the National Flag is displayed flat and horizontal on a wall, the saffron band shall be upper most and when displayed vertically, the saffron band shall be to the right in reference to the National Flag i.e., it should be to the left of a person facing it.

- When the National Flag is displayed from a staff projecting horizontally or at an angle from a windowsill, balcony, or front of a building, the saffron band shall be at the farther end of the staff.

**Q11. Should the National Flag be flown at half-mast?**

The National Flag shall not be flown at half-mast except on occasions instructed by the Government of India. When flown at half-mast, the National Flag shall be hoisted first to the peak/top of the staff, then lowered to the half-mast position. Before lowering the National Flag for the day, it should be raised again to its peak.

**Q12. Can I display the National Flag on my car?**

The privilege of hosting the National Flag on motor cars is only limited to the following persons as per paragraph 3.44 of the Flag Code of India, 2002:-


- President
- Vice-President
- Governors and Lieutenant Governors
- Heads of Indian Missions/Posts
- Prime Minister
- Cabinet Ministers, Minister of State, and Deputy Ministers of the Union

- Chief Minister, Cabinet Minister, Minister of State or Minister of a State or Union Territory
- Speaker of the Lok Sabha, Deputy Chairman of the Rajya Sabha, Deputy Speaker of the Lok Sabha, Chairman of Legislative Councils in States, Speakers of the Legislative Assemblies in States and Union Territories, Deputy Chairman of Legislative Council in States, Deputy Speakers of Legislative Assemblies in States and Union Territories
- Chief Justice of India
- Judges of Supreme Court
- Chief Justice of High Courts
- Judges of High Courts

**Q13. How can we display the Indian National Flag along with flags of other nations?**

- As per paragraph 3.32 of the Flag Code of India, when the National Flag is displayed in a straight line with flags of other countries, the National Flag shall be on the extreme right. The flags of other nations will follow in an alphabetical order as per the English versions of names of the nations.
- If the flags are flown in a closed circle formation, the National Flag is flown first and is followed by flags of other national in a clockwise manner.
- When the flag is displayed against the wall with another flag from crossed staffs, the National Flag shall be on the right and its staff will be in front of the staff of the other flag.

- When the National Flag is flown with flags of other nations, the flag masts shall be of equal size.




**Q14. How should the National Flag be disposed?**

- As per paragraph 2.2 of the Flag Code of India, if the National Flag is damaged, it shall be destroyed as a whole in private, preferably by burning or any other method considering the dignity of the National Flag.
- The National Flag, made of paper, is waved by the general public, but these flags should not be discarded on the ground. These should be discarded in private, keeping in mind the dignity of the National Flag.

Source:
https://www.mha.gov.in/sites/default/files/flagcodeofindia_070214.pdf

https://www.mha.gov.in/sites/default/files/Prevention_Insults_National_Honour_Act1971_1.pdf

## Salient Features of Flag Code of India, 2002

1. The Indian National Flag represents the hopes and aspirations of the people of India. It is the symbol of our national pride and there is universal affection and respect for, and loyalty to, the National Flag. It occupies a unique and special place in the emotions and psyche of the people of India.

2. The hoisting/use/display of the Indian National Flag is governed by the Prevention of Insults to National Honour Act, 1971 and the Flag Code of India, 2002. Some of salient features of the Flag Code of India, 2002 are listed below for the information of the public:-

   a) The Flag Code of India, 2002 was amended vide Order dated 30st December, 2021 and National Flag made of polyester or machine made Flag have been allowed. Now, the National Flag shall be made of hand spun and hand woven or **machine made**, cotton/**polyester**/wool/silk/khadi bunting.

   b) A member of public, a private organization or an educational institution may hoist/display the National Flag on all days and occasions, ceremonial or otherwise, consistent with the dignity and honour of the National Flag.

   c) The Flag Code of India, 2002 was amended vide Order dated 20th July, 2022 and clause (xi) of paragraph 2.2 of Part-II of the Flag Code of India was replaced by the following clause:-

      (xi) **"where the Flag is displayed in open or displayed on the house of a member of public, it may be flown day and night;"**

   d) The National Flag shall be rectangular in shape. The Flag can be of any size but the ratio of the length to the height (width) of the Flag shall be 3:2.

   e) Whenever the National Flag is displayed, it should occupy the position of honour and should be distinctly placed.

   f) A damaged or dishevelled Flag shall not be displayed.

g) The Flag should not be flown from a single masthead simultaneously with any other flag or flags.

h) The Flag should not be flown on any vehicle except of the dignitaries mentioned in Section IX of Part III of the Flag Code, such as President, Vice-President, Prime-Minister, Governors etc.

i) No other flag or bunting should be placed higher than or above or side by side with the National Flag.

**Note:- For further details, the Prevention of Insults to National Honour Act, 1971 and the Flag Code of India, 2002 are available on Ministry of Home Affairs' website www.mha.gov.in.**